
નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

16

સંગીત કાર્યક્રમ





નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

16

અનુવાદ:દીપ્તિ રાજુ

સંગીત કાર્યક્રમ

ચિત્રો:બોરિસ કૈલાશીન







થોડા જ સમયમાં આખા શહેરમાં ખબર ફેલાઈ ગઈ કે પ્રસિદ્ધ પ્રવાસી નજાનૂ અને તેના મિત્રો સ્થાનિક દવાખાનામાં સારવાર લઈ રહ્યા છે.
મિન્ની અને ફ્લફ ઘરેઘરે જઈને પોતાના મિત્રોને આ સમાચાર આપવા લાગ્યાં.
તેમના મિત્રોએ બીજા લોકોને કહ્યું, બીજાઓએ આગળ બીજા લોકોને કહ્યું, અને આમ કરતાં કરતાં આખા ગ્રીનવિલ શહેરના રહેવાસીઓ દવાખાના તરફ ઉમટી પડ્યા.
દરેક વ્યક્તિ કોઈ ને કોઈ રીતે દર્દીઓની મદદ કરવા માંગતી હતી, તેથી બધા પોતાના સાથે ભેટ લઈને આવ્યા.
કોઈ ઘરની બનાવેલ કેક લાવ્યું, કોઈ જામનો ભરેલો વાસણ લાવ્યું, તો કોઈ રાંધેલા ફળ લઈને આવ્યું.
અડધા કલાકમાં જ દવાખાનું મુલાકાતીઓથી ખીચોખીચ ભરાઈ ગયું.
સ્વાભાવિક રીતે, આટલા બધા લોકોને એકસાથે દવાખાનામાં અંદર જવા દેવા શક્ય નહોતું.
હનીસકલ દવાખાનાના ઓટલા પર આવી અને બોલી:
"દર્દીઓને જરૂરી બધી જ વસ્તુઓ મળી ગઈ છે. કૃપા કરીને હવે બધા પોતપોતાના ઘરે જાઓ અને આટલો બધો ઘોંઘાટ કરવાનું બંધ કરો.

પણ મુલાકાતીઓ ઘરે જવા તૈયાર નહોતા.કોઈ અજાણી રીતે તેમને ખબર પડી ગઈ હતી કે મુખ્ય પ્રવાસી નજાનૂ તેના મિત્રો બ્લોબ્સ અને ટ્રિલ્સ સાથે દવાખાનામાંથી બહાર આવવાનો છે.
ફરી એક વાર હનીસકલ દવાખાનાના ઓટલા પર આવી અને બોલી:
"જ્યાં સુધી આ ભીડ વિખેરાઈ નહીં જાય, ત્યાં સુધી નજાનૂ દવાખાનામાંથી બહાર નહીં આવે."
હવે ભીડને છૂટા પડવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. પરંતુ ઘરે જવાને બદલે, ઘણી છોકરીઓ દવાખાનાની લેનમાં રહેતા પોતાના મિત્રોના ઘરોમાં જઈને છુપાઈ ગઈ.
થોડી વારમાં નજાનૂ, બ્લોબ્સ અને ટ્રિલ્સ, કોર્નફ્લાવર અને સ્નોડ્રોપ દવાખાનામાંથી બહાર આવ્યા.
તેમને એવું લાગ્યું કે બારીઓ અને દરવાજાઓની પાછળથી અસંખ્ય આંખો તેમની તરફ તાકી રહી હતી.
નજાનૂને પોતાની આટલી લોકપ્રિયતા ખૂબ ગમી.
"એમાં પ્રસિદ્ધ નજાનૂ કોણ છે?" કોઈએ ધીમેથી પૂછ્યું.
"પીળા પાયજામાવાળો," તરત જ જવાબ આવ્યો.
"એ મોટા કાનવાળો છોકરો? મને તો ક્યારેય લાગ્યું જ ન હોત કે એ નજાનૂ હશે. એ તો થોડો મૂર્ખ જેવો લાગે છે."
"હા, લાગે તો છે. પણ તેના ચહેરા પર કંઈક ખાસ છે. મારો વિશ્વાસ રાખ, એ જ નજાનૂ છે."
ગલીના ખૂણે આવેલા ઘરના બીજા માળની બારીમાંથી એક છોકરીએ નજાનૂને દેખતા જ ઉત્સાહથી બંને હાથ હલાવવા માંડી.
"નજાનૂ! નજાનૂ!" બૂમ પાડી.
"નજાનૂની જય!"
તે એટલી આગળ વળી ગઈ કે લગભગ બારીમાંથી નીચે રસ્તા પર પડી જવાની હતી. સદભાગ્યે, તેની મિત્રોએ સમયસર તેનો પગ પકડી લીધો અને તેને પાછી અંદર ખેંચી લીધી.
"શરમ આવવી જોઈએ તને!" તીક્ષ્ણ ચહેરાવાળી અને અણીદાર આંખ ધરાવતી એક નાની બાળકી બોલી. "તું તો આ નજાનૂને એવું સમજાવી દઇશ કે જાણે આખા શહેરમાં સૌથી મોટો અને સૌથી મહત્વનો એ જ હોય.



"એકદમ સાચી વાત, બર્ડી," તેની સખી બોલી. તેના ઉપરના હોઠ નાના હતા અને તેના દાંત સફેદ ચમકતા દેખાતા હતા. "છોકરાઓને ક્યારેય એવું લાગવા દેવું ન જોઈએ કે આપણે તેમની તરફ ધ્યાન આપીએ છીએ. જો તેઓ જોશે કે તેમની મસ્તી કે નટખટ હરકતો તરફ કોઈ ધ્યાન આપતું નથી, તો તેઓ આપોઆપ એવી હરકતો કરવાનું બંધ કરી દેશે."
"હું પણ તો એ જ કહી રહી હતી, કિટી," બર્ડીએ કહ્યું. "છોકરાઓને હંમેશાં પોતાના કરતાં ઓછા ગણવા જોઈએ. જ્યારે તેમને ખબર પડશે કે આપણે તેમને ખાસ મહત્વ આપતા નથી, ત્યારે તેઓ આપણને હેરાન કરવાની હિંમત પણ નહીં કરે."
ત્યારબાદ બર્ડી અને કિટી દરેક છોકરીના કાનમાં ધીમે ધીમે કહીને સમજાવવા લાગી કે હમણાં જ આવેલા આ છોકરાઓ તરફ બિલકુલ ધ્યાન આપવું નહીં. તેમણે બધી છોકરીઓને રાજી કરી લીધી કે તેઓ આ છોકરાઓ તરફ જરાય ધ્યાન નહીં આપે, અને જો રસ્તામાં કોઈ છોકરો સામે આવતો દેખાય તો રસ્તાની બીજી બાજુ ચાલી જશે.



પરંતુ આ કરારનું કંઈ પરિણામ આવ્યું નહીં.
થોડા જ સમયમાં બધાને ખબર પડી કે બ્લોબ્સ એક ઉત્તમ ચિત્રકાર છે અને ટ્રિલ્સ એવો સંગીતકાર છે, જે વાંસળી ખૂબ જ મધુર રીતે વગાડે છે.
દરેક વ્યક્તિ તેની વાંસળી સાંભળવા આતુર હતી, કારણ કે ગ્રીનવિલમાં માત્ર વીણા જ વગાડવામાં આવતી હતી અને ત્યાં કોઈએ વાંસળીનો સૂર ક્યારેય સાંભળ્યો નહોતો. ઘણા લોકોને તો એ પણ ખબર નહોતી કે વાંસળી નામનું કોઈ સંગીતનું વાદ્ય પણ હોય છે.
થોડા સમય પછી લોકોને ખબર પડી કે બ્લોબ્સ અને ટ્રિલ્સ સફરજન ચોકમાં આવેલા ઘરમાં રહેવા ગયા છે.
આ ઘરના બીજા માળે એક મોટો ઓરડો હતો, જેમાં એક દીવાલ જેટલી મોટી બારી હતી.
ઓરડો એટલો ઉજાસભર્યો અને હવાની અવરજવરવાળો હતો કે બ્લોબ્સને તે તરત જ ગમી ગયો, તેથી તેણે અને ટ્રિલ્સે ત્યાં રહેવાનું નક્કી કર્યું.
તેમના ઓરડાની બારી સફરજન ચોક તરફ ખુલતી હતી.
સામાન્ય રીતે સફરજન ચોકમાં સાંજે ફરવા માટે કોઈ ખાસ લોકપ્રિય જગ્યા નહોતી. પરંતુ એ સાંજે તો ગ્રીનવિલના લગભગ બધા જ લોકો ત્યાં આંટા મારતા જોવા મળતા હતા.





લોકો જોડે જોડે, હાથમાં હાથ નાખીને, ઉપર-નીચે આંટા મારતા ફરતા હતા અને વચ્ચે વચ્ચે બીજા માળની બારી તરફ ચોરીછૂપીથી નજર કરતા હતા.
ચોક્કસ, તેઓને બ્લોબ્સ અને ટ્રિલ્સને જોવાની ખાસ ઇચ્છા નહોતી. તેઓ તો માત્ર વાંસળીનું મધુર સંગીત સાંભળવા આતુર હતા.
વચ્ચે વચ્ચે તેમને બીજા માળની બારીમાં ટ્રિલ્સ દેખાઈ જતો, જેના વાળ ખૂબ જ સરસ રીતે ગોઠવેલા હતા, અથવા બ્લોબ્સ દેખાતો, જેના વાળ હંમેશાની જેમ ચારેય બાજુ ઊભા રહેતા હતા.
એક વખત તેમણે જોયું કે બ્લોબ્સ બારી પાસે આવ્યો, બારીના પાળે હાથ ટેકવીને ઊભો રહ્યો અને જાણે કોઈ ઊંડા વિચારમાં ખોવાઈ ગયો હોય તેમ દૂર આકાશ તરફ જોવા લાગ્યો.





થોડી વારમાં ટ્રિલ્સ પણ તેની પાસે આવીને ઊભો રહ્યો. બંને વચ્ચે ઉત્સાહભરી ચર્ચા શરૂ થઈ. તેઓ વાત કરતાં કરતાં માથું આમ-તેમ હલાવતા અને હાથ વડે હાવભાવ કરતા હતા.
પછી બંને અંદર ચાલ્યા ગયા.
એવું લાગતું હતું કે હવે આજે રાત્રે વધુ કંઈ ખાસ બનવાનું નથી.
તેમ છતાં કોઈ પણ વ્યક્તિ ઘરે ગઈ નહીં.
અને એ સારું જ થયું.
કારણ કે થોડા જ સમય પછી બીજા માળની બારીમાંથી વાંસળીના મધુર સૂર સંભળાવા લાગ્યા.
તે સૂર ઝરણાના ખળખળ વહેતા પાણી જેટલા કોમળ અને મધુર હતા.
ક્યારેક તેઓ દરિયાની લહેરો એક પછી એક આવે તેમ ધીમે ધીમે ઊઠતા, તો ક્યારેક હવામાં એકબીજાની પાછળ દોડતાં અને રમતાં હોય તેમ ઊછળવા લાગતા.



તે તેજસ્વી, જીવંત અને આનંદથી ભરેલું સંગીત હતું. તે સાંભળતાં જ બધાનું મન ખુશીથી ઝૂમી ઊઠ્યું.
વાંસળીના મધુર સૂર જાણે લોકોના હાથ-પગને નૃત્ય કરવા માટે ખેંચી રહ્યા હોય એવું લાગતું હતું.
ધીમે ધીમે એક પછી એક ઘરોની બારીઓ શાંતિથી ખુલવા લાગી.
આખા સફરજન ચોકમાં બધાની હલચલ થંભી ગઈ.
દરેક વ્યક્તિ એકદમ સ્થિર ઊભી રહી, કારણ કે કોઈ પણ સંગીતનો એક પણ સૂર ચૂકી જવા માંગતું નહોતું.
થોડી વારમાં વાંસળીના સૂર શાંત થઈ ગયા.
પરંતુ તરત જ ચોકની સામેની બાજુ આવેલા એક ઘરની બારીમાંથી વીણાના મધુર સૂર સંભળાવા લાગ્યા.
એવું લાગતું હતું કે વીણા જાણે વાંસળી દ્વારા વગાડવામાં આવેલી એ જ મધુર ધૂનને ફરીથી ગુંજાવી રહી હોય.







કોઈ વ્યક્તિના હાથની આંગળીઓ વીણાના તાર પર થોડા સંકોચ સાથે એ જ ધૂન વગાડી રહી હતી.
ધીમે ધીમે તે તેજસ્વી અને આનંદભરી ધૂન મંદ પડવા લાગી.
જ્યારે તે લગભગ બંધ થવાની હતી, ત્યારે વાંસળીએ ફરી એ જ ધૂન ઉપાડી લીધી.
આ સાંભળીને વીણાએ પણ ફરી વગાડવાનું શરૂ કર્યું.
થોડી જ વારમાં બીજી એક વીણા પણ જોડાઈ ગઈ, પછી ત્રીજી પણ.
હવે આખી ધૂન પહેલાં કરતાં પણ વધુ મધુર, તેજસ્વી અને આનંદમય બની ગઈ.
એ જ સમયે નજાનૂ દોડતો દોડતો ત્યાં આવ્યો.
તે બ્લોબ્સ માટે રંગો અને પીંછીઓ લઈને આવ્યો હતો.
આટલી બધી છોકરીઓને શ્વાસ રોકીને સંગીત સાંભળતી જોઈને તે આશ્ચર્યમાં પડી ગયો.
તે પણ ત્યાં જ ઊભો રહીને સંગીત સાંભળવા લાગ્યો.
લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટે તેણે બે-ચાર મજેદાર કૂદકા પણ માર્યા.
પણ કોઈએ તેની તરફ જરાય ધ્યાન આપ્યું નહીં.
છેવટે તે શાંતિથી બટનના ઘરના પ્રવેશદ્વારમાં અંદર સરકી ગયો.





